# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

## ડાંગ-આહવા

ક્રમાંક: ફજદ/કોવિડ-૧૯/જાહેરનામુ/ ૫૨૨થી ૫૫૦ /૨૦૨૨ તા. ૦૩/03/૨૦૨૨

**ગુજરાત એપિડેમિક ડિસિઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ - ૨૦૨૦, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ ૧૪૪, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ અને ૩૭ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની કલમ-૩૪ અન્વયે જાહેરનામું**

વંચાણમાં લીધું :

(૧) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૫.૨.૨૦૨૨ના હુકમ ક્રમાંક:૪૦-૩/૨૦૨૦-DM-I(A).

(૨) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૨૮.૦૨.૨૦૨૨નો હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨.

(૩) ધ ગુજરાત એપિડેમિક ડિસિઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ, ૨૦૨૦ની જોગવાઈ.

(૪) ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ,૨૦૦૫ની જોગવાઈ.

(૫) અત્રેની કચેરી નોંધ તા.૦૩/03/૨૦૨૨

// જાહેરનામું //

નોવેલ કોરોના વાઇરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. સમગ્ર ભારત દેશમાં નોવેલ કોરોના વાઇરસ COVID-19ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી The Disaster Management Act,2005 થી મળેલ સત્તા અન્વયે ભારત સરકારશ્રીના કેન્દ્રિય ગૃહ મંત્રાલયના તા.૨૫.૨.૨૦૨૨ના વંચાણ-(૧)ના હુકમ અનુસાર રાજ્યોને કોરોનાનો વ્યાપ અટકાવવા માટે આપવામાં આવેલ સુચનાઓનો અમલ કરવા જણાવેલ છે. ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૨૮.૦૨.૨૦૨૨ના વંચાણ-(૨)ના હુકમથી રાજ્યમાં વર્તમાન પરિસ્થિતિની પુન: સમીક્ષા કરી સમગ્ર રાજ્યમાં મુકવામાં આવેલ તમામ નિયંત્રણો દૂર કરવામાં આવેલ છે.

સબબ: હું, ભાવિન પંડ્યા, જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ, ગુજરાત એપિડેમિક ડિસિઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ – ૨૦૨૦ની જોગવાઈ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ ૧૪૪, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ અને ૩૭ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ – ૨૦૦૫ ની કલમ-૩૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર ડાંગ જિલ્લામાં કોરોના વૈશ્વિક મહામારી સંદર્ભે મુકવામાં આવેલ તમામ નિયંત્રણો દૂર કરવામાં આવે છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૫.૦૨.૨૦૨૨ના હુકમથી જાહેર કરવામાં આવેલ નીચે મુજબના National Directives for Covid-19નું સમગ્ર ડાંગ જિલ્લામાં તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

1) **Face Covering** – Wearing of face cover is Compulsory in public places; in work places; and during transport.
2) **Social Distancing** – Individuals must maintain a minimum an adequate distance in public places and work places.
3) **Spitting in public places** will be punishable with fine as per existing laws, rules or regulations.
4) **Screening & hygiene:** Provisions for hand wash or sanitizer will be made at work places.
5) **Ventilation:** In closed places, proper ventilation should be ensured.

- ઉપરની બાબતો તા.૩૧/03/૨૦૨૨ સુધી અમલમાં રહેશે.

આ હુકમના ભંગ બદલ 'THE EPIDEMIC DISEASES ACT 1897' અન્વયે 'THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020' ની જોગવાઇઓ, 'THE INDIAN PENAL CODE'ની કલમ 188 તથા 'THE DISASTER MANAGEMENT ACT'ની જોગવાઇઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

// જાહેર વિજ્ઞપ્તિ //

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, ઈલેક્ટ્રોનિક મિડીયા, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવી તથા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેક્ટર, પોલીસ ઈન્સપેક્ટર, મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર સહેલાઈથી જોઈ શકાય તેવી રીતે જાહેરાતની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ આ જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. 03.03.૨૦૨૨ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

(ભાવિન પંડ્યા)
જિલ્લા મેજિસ્ટ્રેટ
ડાંગ જિલ્લો, આહવા

પ્રતિ,
વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતુ, વડોદરા.

૨/- જાણ તથા રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી નકલો અત્રે મોકલી આપવા વિનંતી છે.

2/3

સવિનય નકલ રવાના:- જાણ સારૂ

(૧) માન. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન. અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) માન. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગર

નકલ રવાના : જાણ તથા જરૂરી અમલવારી અર્થે કાર્યવાહી થવા સારૂ.

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ડાંગ તરફ... જાણ સારૂ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ તરફ... જરૂરી કાર્યવાહી થવા સારૂ.

(૩) પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, આહવા, જી.ડાંગ.

(૪) ચીફ ઓફીસરશ્રી, નોટીફાઇડ એરીયા કચેરી, સાપુતારા, જી.ડાંગ.

(૫) મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, આહવા/વઘઇ/સુબીર, જી.ડાંગ.

(૬) આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી, આહવા, જી.ડાંગ.

(૭) તાલુકા વિકાસ અધિકારીશ્રી, વઘઇ/સુબીર, જી.ડાંગ.

(૮) રજીસ્ટ્રારશ્રી, ૪થા એડિશનલ ડિસ્ટ્રિકટ એન્ડ સેસન્સ જજશ્રીની કોર્ટ, ડાંગ-આહવા.

(૯) રજીસ્ટ્રારશ્રી, જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટ, આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ.

(૧૦) પોલીસ સબ ઈન્સપેકટરશ્રી, પોલીસ સ્ટેશન, આહવા/વઘઇ/સુબીર/સાપુતારા, જી.ડાંગ.

૨/- જાહેરનામાની અમલવારી કરવા તથા કચેરીના નોટીસ બોર્ડ તથા જાહેર સ્થળોએ બહોળી પ્રસિધ્ધિ કરી રીપોર્ટ કરવા સારૂ.

(૧૧) સહાયક માહિતી નિયામકશ્રી, ડાંગ-આહવા.

૨/- આ બાબતને બહોળી પ્રસિધ્ધ મળે તે મુજબની કાર્યવાહી કરવા સારૂ.

(૧૨) અધિક જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ડાંગ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

(૧૩) સિવિલ સર્જનશ્રી, જનરલ હોસ્પિટલ,આહવા જી.ડાંગ

(૧૪) એન.આઈ.સી.ઓફિસરશ્રી, ડાંગ-આહવા.

૨/- http://dangs.nic.in પર અપલોડ કરવા સારૂ.

(૧૫) મેનેજરશ્રી, સાયબરસર્ફ ઈન્ડિયા (પ્રાઈવેટ લિમિટેડ), આંબાવાડી, અમદાવાદ

૨/- http://dangs.gujarat.gov.in પર અપલોડ કરવા સારૂ.

(૧૬) શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કલેક્ટર કચેરી,આહવા.

૨/- અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.



ફોન:(૦૨૬૩૧)૨૨૦૨૦૧ ફેક્સ:(૦૨૬૩૧)૨૨૦૨૯૪ Email : collector-dan@gujarat.gov.in